www.kamalamgujarat.com

Thursday
22.10.2020

*Volume :5 * Issue No. 66

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીએ પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે ફરજ સમયે શહીદ થયેલા પોલીસ કર્મીઓને શ્રદ્ધાંજલિ અર્પી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે ફરજ સમયે શહીદ થયેલા પોલીસ કર્મીઓને શ્રદ્ધાંજલિ અર્પી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, "પોલીસ સ્મૃતિ દિવસ સમગ્ર ભારતભરમાં આપણા પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા વિશે છે. આપણે કર્તવ્ય અને ફરજ કાજે શહીદ થયેલા તમામ પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપીએ છીએ. તેમના બલિદાન અને સેવાને હંમેશા યાદ રાખવામાં આવશે. કાયદો અને વ્યવસ્થાને જાળવવાથી લઈને ભયાનક ગુનાઓનું નિવારણ કરવા, આપત્તિ વ્યવસ્થાપનમાં સહાયથી લઈને કોવિડ-૧૯ સામેની લડત સુધી આપણા પોલીસ કર્મચારીઓ હંમેશાં નિઃસંકોચ શ્રેષ્ઠ પ્રયાસો કરે છે. નાગરિકોને મદદ કરવા તેમની મહેનત અને તત્પરતા પર આપણને ગર્વ છે.''

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને કોરિયાના રાષ્ટ્રપતિ મહામહિમ મુન જે-ઇન વચ્ચે ટેલીફોનિક સંવાદ



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે કોરિયાના રાષ્ટ્રપતિ મહામહિમ મુન જે-ઈન સાથે ફોન પર વાતચીત કરી હતી. બંને નેતાઓએ કોવિડ-૧૯ રોગચાળા સામે લડતની પ્રગતિ, આંતરરાષ્ટ્રીય મૂલ્યની સાંકળોમાં મૂલ્યની સાંકળોમાં ચાલી રહેલું વૈવિધ્ય તથા પારદર્શક, વિકાસલક્ષી અને નિયમો આધારિત વૈશ્વિક વેપાર આદેશ જાળવવાની જરૂરિયાત અને વિશ્વ વેપાર સંગઠનની મહત્વની ભૂમિકા સહિત મહત્વપૂર્ણ વૈશ્વિક વિકાસની સમીક્ષા કરી. બંને નેતાઓ ઉપરોક્ત મુદ્દાઓ પર સંપર્કમાં રહેવા અને તમામ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધુ વેગ આપવા સંમત થયા હતા.

# મંત્રીમંડળે ભારત અને નાઈજિરિયા વચ્ચે શાંતિપૂર્ણ ઉદેશો માટે બાહ્ય અવકાશમાં સંશોધન અને ઉપયોગમાં સહકાર આપવા માટેના સમજૂતી કરારને મંજૂરી આપી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળે ભારત અને નાઈજિરિયા વચ્ચે શાંતિપૂર્ણ ઉદ્દેશો માટે બાહ્ય અવકાશમાં સંશોધન અને ઉપયોગમાં સહકાર આપવા માટેના સમજૂતી કરાર (MoU)ને મંજૂરી આપી છે. આ MoU પર જૂન ૨૦૨૦માં બેંગુલુરુ સ્થિત ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જ્યારે નાઈજિરિયાની રાષ્ટ્રીય અવકાશ સંશોધન અને વિકાસ એજન્સી (NASRDA) દ્વારા ૧૩ ઑગસ્ટ ૨૦૨૦ના રોજ અબુજા ખાતે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ MoUથી હસ્તાક્ષર કરનારા બંને પક્ષકારો સહકારના સંભવિત હિત ક્ષેત્રો જેમકે, પૃથ્વી પર રીમોટ સેન્સિંગ; ઉપગ્રહ સંદેશા વ્યવહાર અને ઉપગ્રહ આધારિત દિશાસૂચન; અવકાશ વિજ્ઞાન અને ગ્રહોનું સંશોધન; સ્પેસક્રાફટ, લોન્ચ વ્હિકલ, અવકાશ પ્રણાલીઓ અને ભૂમિગત પ્રણાલીઓનો ઉપયોગ; જીઓસ્પેટિઅલ ટૂલ્સ અને ટેકનિકો સહિત અવકાશ ટેકનોલોજીનો પ્રેક્ટિકલ અમલ; અને સહકારના અન્ય ક્ષેત્રો નિર્ધારિત કરી શકશે. આ MoUથી સંયુક્ત કાર્યકારી સમૂહ તૈયાર કરાશે, અવકાશ વિભાગ (DOS)/ ISRO અને નાઈજિરિયાની રાષ્ટ્રીય અવકાશ સંશોધન અને વિકાસ એન્જસી (NASRDA)માંથી સભ્યો લેવામાં આવશે, જેઓ અમલીકરણની સમયમર્યાદા અને માધ્યમો સહિત આગળના પગલાંઓની યોજના પર વધુ કામ કરશે. ર્સૈ પર હસ્તાક્ષરના કારણે, સંયુક્ત કાર્યકારી સમૂહ તૈયાર કરાશે, અવકાશ વિભાગ (DOS)/ ISRO અને નાઈજિરિયાની રાષ્ટ્રીય અવકાશ સંશોધન અને વિકાસ એન્જસી (NASRDA) માંથી સભ્યો લેવામાં આવશે, જેઓ અમલીકરણની સમયમર્યાદા અને માધ્યમો સહિત આગળના પગલાંઓની યોજના પર વધુ કામ કરશે. હસ્તાક્ષર કરવામાં આવેલા આ ર્સૈના કારણે પૃથ્વીના રીમોટ સેન્સિંગ; ઉપગ્રહ સંદેશાવ્યવહાર; ઉપગ્રહ દિશાસૂચન; અવકાશ વિજ્ઞાન અને બાહ્ય અવકાશમાં સંશોધન ક્ષેત્રમાં નવી સંશોધન પ્રવૃત્તિઓ અને અમલીકરણની સંભાવનાઓનું અન્વેષણ કરવામાં વેગ આવશે. હસ્તાક્ષર કરનારા પક્ષો પારસ્પરિક રીતે નક્કી કરવામાં આવેલા કાર્યક્રમો સહકારના ધોરણે આગળ વધારવાનો ઈરાદો રાખે છે. આવી પ્રવૃત્તિઓ માટે સહી કરનારા પક્ષો દ્વારા પ્રત્યેક કેસ અનુસાર પારસ્પરિક રીતે ભંડોળની વ્યવસ્થા નક્કી કરવામાં આવશે. સંયુક્ત પ્રવૃત્તિઓનું ભંડોળ આ ર્સૈના અનુસંધાને હાથ ધરવામાં આવશે જે સંબંધિત હસ્તાક્ષર કરનાર પક્ષોના કાયદા અને નિયમનોના અનુપાલનમાં જે-તે હસ્તાક્ષરકર્તા પક્ષકારો દ્વારા પૂરું પાડવામાં આવશે અને તે આ હેતુઓ માટે ફાળવવામાં આવેલા ભંડોળની ઉપબલ્ધતાને આધીન રહેશે. આ MoU દ્વારા નાઈજિરિયા સરકાર સાથે સહકારથી માનવજાતના લાભાર્થે અવકાશ ટેકનોલોજીના અમલીકરણના ક્ષેત્રમાં સંયુક્ત પ્રવૃત્તિઓ વિકસાવી શકાશે. આમ, તમામ દેશના તમામ વર્ગો અને પ્રાંતોને આનાથી લાભ થશે. ભારત અને નાઈજિરિયા એક દાયકા કરતાં વધારે સમયથી ઔપચારિક અવકાશ સહકાર માટે પ્રયાસ કરી રહ્યાં છે. નાઈજિરિયામાં ભારતીય હાઈ કમિશન દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલ સાથે, અવકાશ સહકાર માટે આંતર સરકાર MoUનો મુસદ્દો MEA દ્વારા નાઈજિરિયાના સત્તામંડળને આપવામાં આવ્યો હતો. રાજદ્વારી ચેનલ મારફતે કેટલાક પુનરાવર્તનો પછી, બંને પક્ષો ર્સૈના વ્યવહારુ મુસદ્દા પર આવ્યા હતા અને આંતરિક મંજૂરીઓ માટે તેની આગળની પ્રક્રિયાઓ કરવામાં આવી હતી. MoU પર હસ્તાક્ષર કરવા માટે સમયસર મંજૂરી મળી ગઈ હોવા છતાં, ૨૦૧૯ના અંતિમ ચરણમાં અને ૨૦૨૦ના પ્રારંભિક ચરણમાં કોવિડ-૧૯ મહામારીની પરિસ્થિતિના પરિણામરૂપે કેટલીક મુલાકાતો રદ કરવામાં આવી હોવાથી ર્સૈ પર હસ્તાક્ષર કરવા માટે ઉચિત તકો / પ્રસંગો આવ્યા નહોતા.

## મંત્રીમંડળે ભારતના આઈસીએઆઈ અને પાપુઆ ન્યૂ ગિનીના સીપીએ વચ્ચેના સમજૂતી કરારને મંજૂરી આપી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) અને સર્ટિફાઈડ પ્રેક્ટિસિંગ એકાઉન્ટન્ટ્સ, પાપુઆ ન્યૂ ગિની (સીપીએ પીએનજી) વચ્ચે થયેલા સમજૂતીકરાર (એમઓયુ)ને મંજૂરી આપી હતી, જેનો ઉદ્દેશ પાપુઆ ન્યૂ ગિનીમાં એકાઉન્ટિંગ, ફાઈનાન્શિયલ અને ઓડિટ જાણકારી માટે ક્ષમતા નિર્માણ કરવા અને એને મજબૂત કરવા સંયુક્તપણે કામ કરવાનો છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) અને સર્ટિફાઈડ પ્રેક્ટિસિંગ એકાઉન્ટન્ટ્સ, પાપુઆ ન્યૂ ગિની (સીપીએ પીએનજી) નીચેની બાબતો માટે સંયુક્તપણે કામ કરશે પીએનજીમાં ટેકનિકલ કાર્યક્રમો, સેમિનારો અને સમારંભો યોજવા અને હાથ ધરવા માટે, કોર્પોરેટ વહીવટ, ટેકનિકલ સંશોધન અને સલાહ, ગુણવત્તાની ખાતરી, ફોરેન્સિક એકાઉન્ટિંગ, કન્ટિન્યૂઈંગ પ્રોફેશનલ ડેવલપમેન્ટ (સીપીડી) અને પારસ્પરિક રસના અન્ય વિષયોના ક્ષેત્રોમાં સંભવિત સહકાર અને જોડાણ સ્થાપિત કરવું ભારત અને પીએનજીમાં એકાઉન્ટન્સી વ્યવસાય સાથે સંબંધિત ઉપલબ્ધ અનિયંત્રિત માહિતી વહેંચવી અને જ્યારે જરૂર જણાય, ત્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે સીપીએ, પીએનજી પરીક્ષા માટે ચોક્કસ વિષયો માટે મોડ્યુલ્સ વિકસાવવા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી આદાનપ્રદાન કાર્યક્રમો ધરવા પીએનજીમાં એકાઉન્ટિંગ, ફાઈનાન્સ અને ઓડિટના ક્ષેત્રમાં ટૂંકા ગાળાના વ્યાવસાયિક અભ્યાસક્રમો ઓફર કરવા. ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટ્સ (સીએ) સમુદાય સ્થાનિક વ્યાવસાયિક સમુદાય અને હિતધારકોને ફાઈનાન્સિયલ રિપોર્ટિંગ બાબતો પર મદદ કરે છે અને ઉચ્ચ કક્ષાનું સન્માન ધરાવે છે. સૂચિત કરાર વિશ્વાસને મજબૂત કરશે તથા પાપુઆ ન્યૂ ગિનીમાં ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ માટે સકારાત્મક છાપ ઊભી કરવામાં મદદરૂપ થશે એવી અપેક્ષા છે. આઈસીએઆઈ પીએનજીમાં એના ચેપ્ટરમાં ઓસ્ટ્રેલેશિયા-ઓશાનિયા રિજનમાં ૩૦૦૦થી વધારે સભ્યો ધરાવે છે. આ એમઓયુ સીપીએને સહાય પ્રદાન કરશે, પીએનજીને રિજનમાં આઈસીએઆઈના સભ્યોનો લાભ મળશે અને આઈસીએઆઈના સભ્યોની સંભવિતતાને વેગ પ્રદાન કરશે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) ભારતમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ વ્યાવસાયિકોનું નિયમન કરવા "ધ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ધારા, ૧૯૪૯'' અંતર્ગત સ્થાપિત કાયદેસર સંસ્થા છે. સર્ટિફાઈડ પ્રેક્ટિસિંગ એકાઉન્ટન્ટ્સ પાપુઆ ન્યૂ ગિની (સીપીએ પીએનજી) ટોચની એકાઉન્ટિંગ વ્યાવસાયિક સંસ્થા છે, જેની સ્થાપના ધ એકાઉન્ટન્ટ્સ ધારા, ૧૯૯૬ હેઠળ થઈ છે, જેનો આશય એકાઉન્ટિંગ અને ઓડિટિંગમાં ધારાધોરણો કે માપદંડો સ્થાપિત કરવાનો છે તેમજ પાપુઆ ન્યૂ ગિનીમાં એકાઉન્ટન્સીના વ્યવસાયમાં રસ વધારવાનો છે.

## મંત્રીમંડળે ૨૦૧૯-૨૦૨૦ માટે ઉત્પાદકતા લિંક્ડ બોનસ અને બિન-ઉત્પાદકતા લિંક્ડ બોનસને મંજૂરી આપી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળે રેલવે, ટપાલ, સંરક્ષણ, ઈપીએફઓ, ઈએસઆઈસી જેવા વાણિજ્યિક મથકોના ૧૬.૯૭ લાખ નોન-ગેઝેટેડ કર્મચારીઓને વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે ઉત્પાદકતા લિંકડ બોનસ (પીએલબી) ચૂકવવાની મંજૂરી આપી દીધી છે. આની નાણાકીય અસર રૂ. ૨,૭૯૧ કરોડ થશે. કેન્દ્ર સરકારના નોન-ગેઝેટેડ કર્મચારીઓને નોન-પીએલબી અથવા એડ-હોક બોનસ આપવામાં આવે છે. આનાથી ૧૩.૭૦ લાખ કર્મચારીઓને લાભ થશે અને રૂ. ૯૪૬ કરોડની નાણાકીય અસર પડશે.બોનસની ઘોષણાથી કુલ ૩૦.૬૭ લાખ કર્મચારીઓને લાભ થશે અને કુલ નાણાકીય અસર રૂ. ૩,૭૩૭ કરોડની થશે. સામાન્ય સંજોગોમાં નોન-ગેઝેટેડ કર્મચારીઓને તેમની અગાઉના વર્ષની કામગીરી માટે બોનસની ચુકવણી દુર્ગાપૂજા / દશેરાની સીઝન પહેલાં કરવામાં આવે છે. સરકાર તેમના નોન-ગેઝેટેડ કર્મચારીઓને તાત્કાલિક વિતરિત કરવા માટે ઉત્પાદકતા લિંકડ બોનસ (પીએલબી) અને એડહોક બોનસ જાહેર કર્યું છે.

## મંત્રીમંડળે વર્ષ ૨૦૨૦-૨૧ માટે જમ્મુ અને કાશ્મીરમાં સફરજનની ખરીદી માટે માર્કેટ ઇન્ટરવેન્શન યોજનાને આગળ લંબાવવાની મંજૂરી આપી

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રી મંડળે પાછલી ઋતુ ૨૦૧૯-૨૦ દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં જે શરતો અને નિયમો લાગુ થયેલા હતા તે જ શરતો ઉપર ફરીથી વર્તમાન ઋતુ માટે પણ જમ્મુ અને કાશ્મીરમાં સફરજનની ખરીદી માટે માર્કેટ ઈન્ટરવેન્શન સ્કીમ (MIS) ને આગળ લંબાવવાની મંજૂરી આપી દીધી છે. સફરજનની ખરીદી કેન્દ્રીય ખરીદ સંસ્થા અર્થાત રાષ્ટ્રીય કૃષિ સહકાર બજાર સમિતિ લિમિટેડ (NAFED) દ્વારા કરવામાં આવશે. આ ખરીદી સીધી જમ્મુ અને કશ્મીરના ખેડૂતો પાસેથી સ્ટેટ ડેઝિગ્નેટેડ એજન્સી અર્થાત ડાયરેક્ટરેટ ઓફ પ્લાનિંગ એન્ડ માર્કેટિંગ, બાગાયત અને જમ્મુ અને કાશ્મીર બાગાયત પ્રક્રિયા અને માર્કેટિંગ કોર્પોરેશન વિભાગ (JKHPMC)ના માધ્યમથી કરવામાં આવશે અને તેની નાણાકીય ચુકવણી સીધી સફરજનના ખેડૂતોના બેંક ખાતાઓમાં સીધા લાભ હસ્તાંતરણ (Direct Benefit Transfer - DBT)ના માધ્યમથી કરવામાં આવશે. આ યોજના હેઠળ ૧૨ એલએમટી સફરજન પ્રાપ્ત કરી શકાય તેમ છે. સરકારે NAFED ને આ કાર્ય માટે ૨૫૦૦ કરોડ રૂપિયાની સરકારી બાહેંધરીનો ઉપયોગ કરવાની પણ મંજૂરી આપી દીધી છે. આ કાર્ય દરમિયાન, જો કોઈ નુકસાન થાય તો, તેને કેન્દ્ર સરકાર અને જમ્મુ અને કાશ્મીરની કેન્દ્ર શાસિત પ્રદેશ સરકાર દ્વારા ૫૦:૫૦ ના આધાર પર વિભાજિત કરવામાં આવશે. ગત ઋતુમાં બનાવવામાં આવેલ ડેઝિગ્નેટેડ પ્રાઈસ કમિટિ આ વર્ષે પણ જુદા-જુદા પ્રકારો અને ગુણવત્તાના સફરજનોની કિંમત નક્કી કરવા માટે કામ કરવાનું ચાલુ રાખશે. જમ્મુ અને કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશનું વહીવટી તંત્ર એ બાબતની ખાતરી કરશે કે નક્કી કરવામાં આવેલ બજારોમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ હોય. ખરીદ પ્રક્રિયાનું સુગમ અને સતત અમલીકરણ થતું રહે તેની ઉપર દેખરેખ રાખવાનું કાર્ય કેન્દ્ર સ્તરે કેબિનેટ સચિવની અધ્યક્ષતામાં બનાવવામાં આવેલ મોનીટરીંગ



કમિટી અને કેન્દ્ર શાસિત પ્રદેશ સ્તર પર મુખ્ય સચિવની અધ્યક્ષતામાં બનાવવામાં આવેલ અમલીકરણ અને સંકલન સમિતિ દ્વારા કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ આ જાહેરાત સફરજન પકવતા ખેડૂતોને એક અસરકારક માર્કેટિંગ મંચ પૂરું પાડશે અને સ્થાનિક લોકો માટે રોજગાર પૂરો પાડવાની સુવિધા ઊભી કરશે. તે સફરજન માટે લાભદાયી કિંમતોની પણ ખાતરી કરશે જેના પરિણામ સ્વરૂપ જમ્મુ અને કાશ્મીરના ખેડૂતોની સમગ્રતયા આવકમાં પણ વધારો થશે.

# પોલીસ સંભારણા (શહિદ) દિન નિમિત્તે ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ વીરજવાનોને પુષ્પાજંલિ અર્પણ કરી સલામી આપી













કમલમ દૈનિક, ગાંધીનગર

દેશમાં આંતરિક શાંતિ, સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવામાં પોલીસની ભૂમિકા ખૂબ મહત્વની છે. કયારેક ફરજ દરમ્યાન પોલીસ અને પેરા મિલીટરી ફોર્સના જવાનો પોતાના પ્રાણ ન્યોછાવર કરતાં હોય છે. આવા શહીદ થયેલા પોલીસ કર્મીઓને ગાંધીનગર નજીક ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે યોજાયેલ પોલીસ સંભારણા (શહિદ) દિને શ્રધ્ધા સુમન અર્પણ કરવાના સમારંભમાં વીર પોલીસ જવાનોને શ્રધ્ધાજંલિ અને સલામી આપીને ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે, આપણો દેશમાં લોકશાહી છે. લોકશાહીમાં પ્રજાની સુરક્ષા- રક્ષા કરવાની જવાબદારીને સરકાર પ્રથમ પ્રાધાન્ય આપે છે. આપણા દેશમાં આંતરિક સુરક્ષા- શાંતિ, સલામતી અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાની જવાબદારી પોલીસ પર રહેલી છે. જવાબદારી અને નિષ્ઠાથી ફરજ બજાવતા પોલીસ કર્મીઓને ફરજ દરમ્યાન કયારેક પોતાના પ્રાણ પણ ગુમાવવા પડે છે. ખાખીના જતન, ખુમારી અને આંતરિક રક્ષણ માટે પ્રાણની આહુતિ આપેલ પોલીસ જવાનોને શ્રધ્ધાજંલિ અર્પણ કરવા આજે સમગ્ર દેશમાં પોલીસ સંભારણા (શહિદ) દિનની ઉજવણી કરવામાં આવી રહી છે. તેવું કહી વીરગતિ પામનાર સર્વે પોલીસ જવાનોને તેમણે શ્રધ્ધાજંલિ અર્પણ કરી હતી.

ગૃહ રાજય મંત્રીશ્રીએ પોલીસે કોરોના મહાબિમારીમાં કોરોના વોરિયર્સ તરીકે પોતાની ફરજ પણ ખૂબ જ નિષ્ઠાથી અદા કરી રહી છે. આ ફરજના કારણે આજે નાગરિકો માન-સન્માન સાથે સલામી આપી રહ્યા છે. પોલીસની ફરજોને પણ બિરદાવી છે. કોરોના મહાબિમારીમાં પણ અનેક પોલીસ જવાનોએ પોતાના જીવ ગુમાવ્યા છે. તેવા પોલીસ જવાનોને પણ સલામી આપીને શ્રધ્ધાજંલિ આપી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજયના પોલીસ વડા શ્રી આશિષભાઈ ભાટિયાએ પણ પોલીસ જવાનોને પુષ્પાજંલિ અર્પણ કરી સલામી આપી હતી. તેમજ રાજયના પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ જવાનોએ પણ પુષ્પ અર્પણ કરીને શ્રધ્ધાજંલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમાં રાજયના પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારી અને પોલીસ જવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

વલસાડ જિલ્લા યુવા સલાહકાર સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર આર.આર.રાવલની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે મળી હતી. આ બેઠકમાં નહેરૂ યુવા કેન્દ્ર વલસાડના જિલ્લા યુવા સંયોજક સત?યજીત સંતોષ દ્વારા વાર્ષિક એકશન પ્લાન અંગે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. એકશન પ?લાનમાં આત્મનિર્ભર, કોવિદ-૧૯ અંગે જનજાગૃતિ, ફીટ ઈનડિયા મૂવમેન્ટ, સ્વચ્છ ગામ -હરિયાળું ગામ, જળ જાગરણ, આપત્તિ સમયે સાવચેતી જેવી બાબતોને આવરી લેવાઈ હોવાનું જણાવ્યું હતું. અધ્યક્ષસ્થાનેથી જિલ્લા કલેક્ટરશ્રી રાવલે એકશન પ્લાન બનાવીને વધુને વધુ યુવાનોને આવરી લઈ કામગીરી કરવા, તમામ કામગીરી કોવિદ-૧૯ની માર્ગદર્શિકાને અનુસરી જાહેર કાર્યક્રમોને નકારી ઓનલાઇન કાર્યક્રમો યોજી યુવા વર્ગને ઉપયોગી થાય એવા સક્રિય કાર્યો કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# રાજય સરકારનો વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય



## રાજ્યમાં વરસાદી માહોલને ધ્યાને લઈને આવતીકાલથી શરૂ થતી મગફળીની ટેકાના ભાવે ખરીદી ટૂંક સમય માટે મુલત્વી : કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુ

### આગામી ૨૬મી ઓક્ટોબરથી મગફળીની ટેકાના ભાવે ખરીદીનો રાજયવ્યાપી શુભારંભ થશે

કમલમ દૈનિક,

કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશ રાડદિયાએ એ જણાવ્યું છે કે, ખેડૂતોના હિતને વરેલી રાજ્ય સરકારે આજે વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. રાજ્યભરમાં આવતીકાલથી શરૂ થનાર મગફળીની ટેકાના ભાવે ખરીદી વરસાદી માહોલ અને ભેજવાળા વાતાવરણના કારણે ટૂંક સમય માટે મુલત્વી રાખવામાં આવી છે. આ ખરીદી આગામી તા. ૨૬મી ઓક્ટોબરથી કરાશે. મંત્રીશ્રીઓએ ઉમેર્યુ કે, રાજ્યના અમુક વિસ્તારોમાં વરસાદ પડ્યો છે અને હાલ રાજ્યમાં ભેજવાળુ વાતાવરણ અને વરસાદી માહોલને પરિણામે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ખેડૂતોના હિત માટે આ મહત્વનો નિર્ણય લીધો છે. તેમણે ઉમેર્યુ કે, રાજ્યમાં ભેજવાળા વાતાવરણને પરિણામે મગફળી ભેજવાળી હોય તેથી ખેડૂતોને હ્નછઊ મુજબ ગુણવત્તા ન મળતા મગફળી રિજેક્ટ થવાની શક્યતા રહે છે. આવા સંજોગોમાં ખેડૂતોને ધક્કા ન થાય અને હેરાનગતિ ન થાય તેને ધ્યાને લઈને ખેડૂતોના હિતમાં આ મહત્વનો નિર્ણય કરાયો છે. રાજ્યભરમાં આગામી ૨૬મી ઓક્ટોબરથી મગફળીના ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ થશે જેમાં અન્ન નાગરિક પુરવઠા નિગમ અને નાફેડના સંકલનમાં ખરીદી પ્રક્રિયા કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યુ છે.

## કપરાડા તાલુકામાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત મોટરસાઇકલ રેલી યોજાઇ




કમલમ દૈનિક, વલસાડ

વલસાડ જિલ્લામાં ૧૮૧-કપરાડા (અ.જ.જા) વિધાનસભા મતવિસ?તારની પેટા ચૂંટણી દરમિયાન મતદાન પ્રક્રિયાની જાણકારી જિલ્લાના દરેક મતદારને મળે તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારી આર.આર.રાવલની રાહબરી હેઠળ ઝુંબેશના રૂપમાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. જે અંતર્ગત કપરાડા તાલુકા મથકે પ્રાથમિક અને માધ?યમિક વિભાગના શિક્ષકોના સહયોગથી મોટરસાઈકલ રેલીનું આયોજન કરાયું હતું. રેલીમાં પ્લેકાર્ડ અને બેનરો થકી મતદાન જાગૃતિના સંદેશા સાથે કપરાડા વિસ?તારમાં ફરી સૌ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તેવો અનુરોધ કરાયો હતો. આ રેલીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી.ડી.બારીઆ અને જિલ્લા શિક્ષણાધિકારી કે.એફ.વસાવા સહિત ચૂંટણીતંત્રના અધિકારી/ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## એન. એચ.શાહ હાઈસ્કૂલ (સાઠંબાવાળા)બાયડનું ગૌરવ



કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જીલ્લાના એન. એચ. શાહ (સાઠંબાવાળા) હાઈસ્કૂલ બાયડના વર્ષ ૨૦૧૯-૨૦ ના વિદ્યાર્થી ગોસાઈ સૌરભ દિપકગીરીએ ચાલું સાલે લેવાયેલ નિટ પરીક્ષામાં ૭૨૦ ગુણમાંથી ૫૦૧ ગુણ મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. ગોસાઈ સૌરભ દિપકગીરીએ બાયડ તાલુકામાં પ્રથમ સ્થાન મેળવવા બદલ બાયડ કેળવણી મંડળના પ્રમુખ કનુભાઈ. એમ. પટેલ, ચેરમેન મોતીભાઈ પટેલ, મંત્રી વિનુંભાઈ પટેલ, સહમંત્રી કનુભાઈ કે પટેલ તથા કારોબારી સભ્યો અને શાળાના આચાર્ય સુનિલભાઈ કે પટેલ, મફતભાઈ શાહ, વિનુંભાઈ પટેલ અને શાળાના વિજ્ઞાન પ્રવાહના સ્ટાફગણના શિક્ષકો અને સમગ્ર શાળા પરિવાર અભિનંદન પાઠવે છે.

## પ્રાંતિજ ખેતરવાળા મેલડી માતાજી ના મંદિરે સોશ્યલ ડિસ્ટન્સ સાથે જય માડી ના દર્શન અને આશીર્વાદ લેતા ભક્તો



કમલમ દૈનિક, અરવલ્લી

કોરોના મહામારી અને સરકારના ચૂસ્ત નિયમો અને મંદિર અને જાહેર માં માતાજી ની માંડવી મૂકી પૂજા અર્ચના આરતી અને મર્યાદિત જનસંખ્યા ના નિયમો ના ચૂસ્ત અમલ અને તંત્ર ની પરવાનગી ઓ લ?ઈને પણ નવરાત્રી ઉત્સવ ઉજવવા માટે પ્રાંતિજ નગરના માડવળી વિસ્તારોમાં અને મંદિરોમાં સાચી શ્રદ્ધા અને આસ્થા સાથે માતાજી ના સ્થાપન અને પૂજા મહાપૂજા તેમજ આરતી ના આયોજનો આયોજકો દ્વારા કરવામાં આવ્યા છે અને મહામારી વચ્ચે પણ લોકોની શ્રદ્ધા અને આસ્થા ઓ અકબંધ રહેવા પામી છે અને મનઘડંત નિયમો અને છાશવારે બદલાતી સૂચનાઓ વચ્ચે પણ લોકો ધર્મ અને ભક્તિ ભાવ અને દૈવી શક્તિ માં અટૂત વિશ્વાસ ધરાવતા હોવાનું ઉત્તમ ઉદાહરણ આ વખતે મહામારી ની કપરી કસોટી માં પણ પૌરાણિક માંડવીનો પૂજા અર્ચના અને શ્રદ્ધા થી ઉપાસના સહિતમાં લોકો દર વર્ષની જેમજ શક્તિ આરાધના અને માતાજી ના ગુણગાન ગાઈ રહ્યા છે . ગુજરાત અને ગુજરાત બહાર પણ જેના સંતના ડંકા વાગે છે એવા પ્રાંતિજ નગરના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં વિધુત બોર્ડ પાછળ આવેલા પૌરાણિક ખેતરવાળા મેલડી માતાજી ના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ જય માડી પંકજકુમાર રાવલ અને મેલડી ભક્તો દ્વારા આ વખતે ઘટસ્થાપન બાદ નવે નવ દિવસ પૂજા અર્ચના અને ધૂપ દિન નૈવેધ તથા દુર્ગાસપ્તષી ના પાઠ આરતી ગુગળ સહિતના વિવિધ ધૂપ થી માતાજી ની મહાપૂજા શોડશોપૂજા તેમજ મિતાજીને વિવિધ શણગાર અને વિવિધ આભૂષણો વિવિધ આસનો અને વિવિધ સવારીઓ થી માતાજી ની પ્રતિમા ને શણગાર વામા આવે છે.અને મહાપૂજા જય માડી પંકજકુમાર રાવલ તથા ભરત રાવલ અને પૂ.બા દ્વારા કરવામાં આવે છૈ કોરોના મહામારી ના લીધે ભકતો ને વિવિધ સૂચનો આપતા શોશયલ ડિસ્ટન્સ રાખી લોકો દર્શન કરે છે અને પ્રસાદ પણ પેકીગ માં શુદ્ધ આપવામાં આવે છે .તેમજ કોરોના મહામારીમાં થી આ દેશની જનતા ને જલ્દી છૂટકારો મળે તે માટે માતાજી ને અરજ કરવામાં આવે છે.અને જરૂર જણાય તો જ બહાર નીકળવા માસ્ક તેમજ સેનેટાઈઝ અને વારંવાર હાથ ધોવા આવનાર તમામને જય માડી પંકજકુમાર રાવલ દ્વારા જણાવવામાં આવે છે.ચંડીપાઠ પઠન દેવી કવચ નું વાંચન પણ નિયમિત કરવામાં આવે છે.. પ્રાંતિજ ના મારીયા વિસ્તારમાં આવેલા રાંદલ મહાકાળી મંદિરે પણ માતાજી પૂ સ્થાપન કરી ઉત્સવ ઉજવણી નું આયોજન કૂમારી દેવીબેન અને સંસ્થાના ટ્રસ્ટી શૈલેષભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું છે એ જ રીતે બ્રહ્માણી માતાજી ના મંદિરે પણ પૂજા અર્ચન આરતી ના કાર્યક્રમો પૂ આયોજન કરવામાં આવ્યું છે

## ગર્ભવતી મહિલાને મુશ્કેલીમાંથી ઉગારતી ૧૮૧ મહિલા હેલ્પલાઇન




કમલમ દૈનિક,

વલસાડ શહેરના નજીકના ગામથી ત્રાહિત વ?યકિતએ ફોન કરી જણાવ?યું હતુ કે એક ગર્ભવતી મહિલા તેના પરિવાર સાથે મુશ?કેલીમાં છે. ફોન નો કોલ મળતાની સાથે ૧૮૧ ની ટીમ સ?થળ ઉપર પહોંચી હતી. બનાવની વિગત એવી હતી કે મહિલાને પાંચ વર્ષનો દીકરો અને હાલમાં પાંચ માસનો ગર્ભ છે. તેઓ ભાડાના મકાનમાં રહેતા હતા. તેનો પતિ વ?યસની હોઈ પાડોશી મિત્ર સાથે રહીને વ?યસન કરતો હતો. જયારે પણ પતિ-પત?નિ વચ?ચે ઝગડો થાય ત?યારે આ પાડોશી પણ વચ?ચે પડી મહિલાને ત્રાસ આપવાની સાથે આ મહિલા સાથે દુર્વ્યવહાર પણ કરતો હતો. જેથી પાડોશી વિરૂધ?ધ રૂરલ પોલીસ ચોકીમાં અરજી આપી હતી. પીડિત મહિલાના પરિવાર અને પાડોશીના વારંવારના ઝગડાને કારણે મકાન માલિકે ભાડાનું ઘર ખાલી કરાવી નાખ?યું હતું. જેથી આ ગર્ભવતી મહિલા પોતાના પરિવાર સાથે રસ?તા ઉપર આવી ગયા હતા. આ બનાવની સઘળી માહિતી મેળવી ૧૮૧ મહિલા હેલ?પલાઈનની ટીમે તમામનું કાઉન?સેલિંગ કરી બધા પક્ષોને કાયદાકીય સમજણ આપી હતી. આ ઉપરાંત પતિને વ?યસનથી દુર રહેવા અને પરિવારની સંપૂર્ણ જવાબદારી અદા કરવા તેમજ હેરાન નહીં કરવા તથા પાડોશીને પતિ-પત?નીના પારિવારિક ઝઘડામાં દખલગીરી નહીં કરવા તેમજ આ મહિલા સાથે દુર્વ્યવહાર પણ નહીં કરવાની બાહેંધરી અપાવી હતી. મકાન માલિક સાથે પણ આ બાબતે પરામર્શ કરી આ મહિલાને નાનું બાળક અને ગર્ભવતી હોવાથી પિતાની ભૂલના કારણે બાળકોને ભવિષ?યમાં કોઈ મુશ?કેલી ન પડે તેમજ ગરીબ પરિવાર પ્રત?યે માનવતાભર્યુ વલણ રાખવા જણાવતાં મકાનમાલિકે સહાનુભૂતિ રાખી પીડીતાના પરિવારને રહેવા માટે મંજુરી આપી હતી. આમ ૧૮૧ મહિલા હેલ?પલાઈન દ્વારા ગર્ભવતી મહિલાને આવી પડેલી મુશ?કેલીમાંથી ઉગારી હતી.

## અરવલ્લી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે : "વેતન વિના વતન માટે" યુવાનોને ટીટોઈ ખાતે તાલીમ આપતા નિવૃત્ત આર્મી જવાનની મેદાન પર મુલાકત કરી મોટિવેશન કર્યા



કમલમ દૈનિક, અરવલ્લી

ટીંટોઈ ગામના ખેમાભાઈ અંબાભાઈ મોરી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીલ સિક્યુરિટી ફોર્સ (અર્ધ લશ્કરી દળ)માં ૩૯ વર્ષ સુધી દેશની રક્ષા કરી ૫ મહિના અગાઉ વયનિવૃત્ત થયા હતા નિવૃત્તિ લીધા બાદ અન્ય યુવાનો પણ દેશ માટે કંઈક કરી શકે તેવા ઉદેશ સાથે ગામના ગૌચરને લશ્કરી ટ્રેનિંગ સેન્ટરની જેમ ફેરવી દઈ સ્થાનિક અને આજુબાજુના વિસ્તારના યુવાનોને આર્મીમાં જોડાવા માનસિક અને શારીરિક રીતે તૈયાર કરવા નિઃશુલ્ક તાલીમ કેમ્પ શરૂ કર્યો છે જેમાં મોટી સંખ્યામાં ૧૦ થી વધુ ગામના યુવકો તાલીમ લઈ રહ્યા છે આ અંગેનો અહેવાલ મેરાન્યુઝમાં પ્રસિદ્ધ થતા જીલ્લા પોલીસવડા સંજય ખરાતે નિવૃત્ત આર્મી જવાનને પોલીસભવન ખાતે આમંત્રિત કર્યા બાદ સોમવારે ટીંટોઈ ગામે મેદાનની મુલાકાત લઈ આર્મી જવાનની દેશ ભક્તિને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા. અરવલ્લી એસપી સંજય ખરાતે સોમવારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઈન્સ્પેક્શન કરવાની સાથે ટીંટોઈ અને દધાલિયા આઉટ પોલીસ સ્ટેશનની મુલાકાત કરી લોક સંવાદ કર્યો હતો અને રૂરલ પોલીસ સ્ટેશનમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતીનો ચિતાર મેળવ્યો હતો મોડાસા તાલુકના ટીંટોઈ ગામના સીઆઈએસએફ માં ૩૯ વર્ષ દેશની રક્ષા કરી નિવૃત્ત થયેલા ખેમાભાઈ અંબાભાઈ મોરી "વેતન માટે નહિ વતન" માટે નિઃશુલ્ક યુવાનોને આર્મીમાં જવા માટે શારીરિક માનસિક રીતે તૈયાર કરવાનું અનોખુ અભિયાન ચલાવાઈ રહ્યા છે ત્યારે તેમની દેશભક્તિને સલામ કરવા જીલ્લા પોલીસવડા સંજય ખરાત ટીંટોઈ મેદાનમા પહોંચી ખેમાભાઈ મોરીની મુલાકાત કરી જરૂરી માર્ગદર્શન આપવાની સાથે કોઈ પણ જરૂરિયાત જણાય તો ધ્યાન દોરવા તાકીદ કરી હતી

ખુદ જીલ્લા એસપી સંજય ખરાતે ખેમાભાઈ મોરી અને મેદાનની મુલાકાત લઈ પ્રોત્સાહિત કરતા નિવૃત્ત આર્મી જવાનનો હાંસલો બુલંદ બન્યો હતો નિવૃત આર્મી જવાને એસપીને ટ્રેનિંગ અંગે જણાવ્યું હતું જેમાં યુવાનોને ફિઝિકલ ફિટનેશ માટે ૧૬૦૦ મીટર રનીંગ, ૧૦૦ મીટર ફાસ્ટ ટ્રેક દોડ,અને યોગ થકી શારીરિક મજબૂતી જળવાઈ રહે તે માટે યોગ ક્લાસ કરાવતા હોવાનું જણાવ્યું હતું

## હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા દ્વારા નવરાત્રી ના ત્રીજા દિવસે 31 બાલિકાઓ નું દુર્ગા પૂજન કરવામાં આવ્યું.




કમલમ દૈનિક, અરવલ્લી

ધર્મ નો તેમજ સંસ્કારો નો સાક્ષાત્કાર કરવા હિન્દુ યુવા સંગઠન દ્વારા નવરાત્રી ના ૯ દિવસ બાલિકા દુર્ગા પૂજન નું આયોજન કરવામાં આવ્યું છે, ત્રીજા નોરતા નિમિત્તે ઉત્તર ગુજરાત અધ્યક્ષ ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત ની અધ્યક્ષતા માં ૩૧ બાલિકાઓ નું પૂજન કરવામાં આવ્યું હતું આ દુર્ગા પૂજનમાં તમામ બાલિકાને હિન્દુ યુવા સંગઠન સાબરકાંઠા દ્વારા ઉપહાર પણ આપવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત અધ્યક્ષ ભૃગુવેદ્રસિંહ કુંપાવત દ્વારા જણાવવામાં આવ્યું કે વધતા જતા રેપ રોકવા માટે દીકરીઓ ને પરી નહિ પરંતુ દુર્ગા બનાવીશું, આ કાર્યક્રમ સફળ બનાવવા માટે સર્વિન ભાઈ પટેલ, મિત્તુલભાઈ વ્યાસ,પ્રતિકભાઈ પટેલ , પ્રફુલભાઈ સોની, કેતનભાઈ શ્રીમાળી, જગદીશભાઈ ભોઈ દ્વારા મહેનત કરવામાં આવી હતી. સંજયભાઈ ગાંધી, યતિનભાઈ વ્યાસ ,હિતેશ ભાઈ તેજવાની, કમલભાઈ મોદી, તેજસભાઈ પટેલ, રોનકભાઈ મિષ્ત્રી, પાર્થભાઈ ગોર, અને અન્ય પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# નનાનપુર માં બાળકો દ્વારા મીની ગબ્બર બનાવી બાળકો માતાજી ની પૂજા ગરબા સાથે જનજાગૃતિ નું કાર્ય કરી રહ્યા છે.. ધાર્મિકતા સાથે જાગૃતતા નું સુંદર આયોજન





કમલમ દૈનિક, અરવલ્લી

આસોની નવરાત્રી શક્તિ અને ભક્તિના પર્વ ની ઉજવણી સરકારના નિયમો અને ગ્રાઈડ લાઈન પ્રમાણે સાબરકાંઠા જિલ્લા અને પ્રાંતિજ તાલુકામાં આસ્થા અને શ્રદ્ધાના ભાવ સાથે ઉજવાઈ રહ્યું છે લોકોઘટસ્થાપન કર્યા બાદ આધશકિત ની પૂજા અર્ચના અને આરતી ના કાર્યક્રમો શેરીમાં કે ફળીયામાં કરી માતાજી ના ગુણગાન ગાય છે તો નાના નાના બાળકો મીની પાવાગઢ મીની ગબ્બર બનાવી સુશોભિત કરી માતાજી ની આરાધના ગૂણગાન નોવાનંદ લે છે પ્રાંતિજ તાલુકાના પંચાલ નાયી ગોસ્વામી ફળીયામાં નાના-નાના બાળકોએ દર વર્ષની જૈફ આ વરસે પણ નવરાત્રી ઉજવણી મીની ગબ્બર બનાવી કરતા બાળકો સાથે મહિલા ઓ યુવાનો પણ જોડાઈ ને આ નાના નાના બાળકો ને પ્રોત્સાહિત કરી રહ્યા છે ગરબા આરતી ની સાથૈ સાથ કોરોના સામે લડવા માસ્ક અને જરૂર હોય તોજ બહાર નીકળવા અને સ્વચ્છતા સ્વસ્થ રહેવાના સંદેશા આપતી ગરબીઓ પણ ગવાય છે અને જાગૃત તા લાવવા ના પ્રયાશો નાનાં નાનાં બાળકો દ્વારા આયોજન કરાયું છે.આ મની ગબ્બર ના આયોજકોમાં કર્મ મેહુલભાઈ નાયી..આર્ય ધર્મેન્દ્રભાઈ શર્મા કુ.જીયા. કુ જાનુ ગોસ્વામી અને કુ કાવ્યા કમલેશ ભાઈ પંચાલ સહિતના બાળકોને ફોટોગ્રાફર અને માઈભક્તો કમલેશ પંચાલ મેહુલભાઈ નાયી ધર્મેન્દ્ર ભાવેશ અજયભાઈ નાયી કૌશિક સહિતના યુવાનો વિવિધ કાર્યક્રમો તૈયાર કરાવી ધાર્મિકતા સાથે ધર્મ અને સેવાના કાર્યો અને વિવિધ જનજાગૃતિ નું સુંદર કામ અને આયોજન કર્યુ છે...જય અંબે ના જય નાદ સાથે અહીં માતાજી ના ગુણગાન સમયમર્યાદા અને શોશયલ ડીસ્ટન્સ સાથે ખવાય છે સુંદર કાર્ય સુદર આયોજન આયોજક બાળવૃન્દ સર્વ ને લોકો ધન્યવાદ આપે છે

